**એમ. થેન્નારસન,** આઈ એ એસ
મ્યુનિસિપલ કમિશનર

**અમદાવાદ**
**મ્યુનિસિપલ કોર્પોરેશન**
સરદાર પટેલ ભવન, દાણાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૦૧, ગુજરાત, ભારત.

તા.૨૬/૧૨/૨૦૨૩

પ્રતિશ્રી,

______________________
______________________
______________________
______________________

વિષય- આયુષ્યમાન ભારત ડીઝીટલ મિશન (ABDM) અંતર્ગત Ayushman Bharat Health Account (ABHA) જનરેટ કરવાની કામગીરીમાં સહભાગી થઇ અભિયાનને સફળ બનાવવા સાથ સહકાર આપવા બાબત.

સંદર્ભ- માન. કમિશ્નરશ્રી હેલ્થ, ગાધીનગર અને મિશન ડાયરેક્ટરશ્રી (એન.એચ.એમ) નો પત્ર નંબર NHM/ABDM/6/2023. Date:16/05/2023.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા સ્લમ તેમજ સ્લમ લાઇક વિસ્તારમાં આરોગ્યલક્ષી સેવાઓ સરળતાથી મળી રહે તે હેતુથી જુદા જુદા વિસ્તારોમાં અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર તથા કોમ્યુનીટી હેલ્થ સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે. હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કુલ ૮૨ અર્બન હેલ્થ સેન્ટર, ૯ કોમ્યુનીટી હેલ્થ સેન્ટર ખાતે આયુષ્યમાન ભારત ડીઝીટલ મિશન (ABDM) અંતર્ગત Ayushman Bharat Health Account (ABHA) જનરેટ કરવાની કામગીરી કરવામાં આવે છે.

આયુષ્માન ભારત ડિજિટલ મિશન(ABDM) ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં એક અદ્યતન આરોગ્યની ઈંકો સિસ્ટમ બનાવવાનો છે તથા નાગરિકોને આરોગ્ય સુવિધાઓ અને હેલ્થ કેર પ્રોફેશનલની માહિતી અને ડેટાની વહેંચણી માટે આંતરિક કાર્યક્ષમતા વધારવા માટે એક સુરક્ષિત પ્લેટફોર્મ પ્રદાન કરવાનો છે. આયુષ્યમાન ભારત ડીઝીટલ મિશન (ABDM) અંતર્ગત Ayushman Bharat Health Account (ABHA) સફળ બનાવવા સારું આપની તાબા હેઠળની તમામ ખાનગી હોસ્પિટલ/નર્સિંગ હોમ/દવાખાના/મેડીકલ સેવાઓ આપતા સેન્ટરો/લેબોરેટરીઓ ખાતે ફરજ બજાવતા તમામ કર્મચારીગણ અને તેઓના પરિવારના સભ્યો, તબીબી સારવાર/નિદાન આવતા નાગરિકો અને તેઓના પરિવારના સભ્યોના આભા કાર્ડ જનરેટ કરાવવા બાબતે કાર્યવાહી કરવાની થાય છે.

આપની તાબા હેઠળની તમામ ખાનગી હોસ્પિટલ/નર્સિંગ હોમ/દવાખાના/મેડીકલ સેવાઓ આપતા સેન્ટરો/લેબોરેટરીઓ ખાતે ફરજ બજાવતા તમામ કર્મચારીગણ અને તેઓના પરિવારના સભ્યો, તબીબી સારવાર/નિદાન આવતા નાગરિકો અને તેઓના પરિવારના સભ્યોના આભા(ABHA) કાર્ડ અચૂક જનરેટ થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે. સદર બાબતે કરવામાં આવેલ કાર્યવાહીનો રીપોર્ટ તા.૦૮/૦૧/૨૦૨૪ ના રોજ ૫:૦૦ વાગ્યા સુધીમાં hod.uhc@gmail.com ખાતે ઈ-મેઈલ કરવાનો રહેશે.

ઉપરોક્ત સઘળી બાબતોથી વિદિત થઇ આભા(ABHA) કાર્ડ જનરેટ કરવા અંગેની કામગીરી કરાવવા આપની તાબા હેઠળની તમામ ખાનગી હોસ્પિટલ/નર્સિંગ હોમ/દવાખાના/મેડીકલ સેવાઓ આપતા સેન્ટરો/લેબોરેટરીઓ માં Ayushman Bharat Health Account (ABHA) જનરેટ કરાવવા બાબતે અવગત કરી આભા(ABHA) કાર્ડ જનરેટ કરવા અને સદર રાષ્ટ્રીય કામગીરીમાં જરૂરી સાથ સહકાર આપવા વિનંતી છે.

https://healthid.abdm.gov.in/register

મ્યુનિસિપલ કમિશ્નર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

ફોન : +૯૧-૭૯-૨૫૩૫૨૮૨૮ ઈ-મેઈલ : mc@ahmedabadcity.gov.in ફેક્સ : +૯૧-૭૯-૨૫૩૫૪૬૩૮

Scanned with CamScanner